# ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલયના ઉપયોગકર્તાઓ દ્વારા ICT આધારિત માહિતીસેવાઓ અને માહિતીસ્ત્રોતોનો અભ્યાસ

**Researcher**
Dushyantkumar Manibhai Parmar
B.A., M.Lib., PGDCA

**Research Guide**
Dr. Yogesh R. Parekh
M.Lib., M.Phil, Ph.D.

## ૧. પ્રસ્તાવના :

*પ્રવર્તમાન સમયને માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજીના યુગ તરીકે ઓળખવામાં આવે છે. માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજીએ વિશ્વના સમસ્ત ક્ષેત્રો ઉપર અસર ઉપજાવી છે. વિશ્વના સમસ્ત ક્ષેત્રો આની અસરોથી પ્રભાવિત થયા છે. શિક્ષણ અને શિક્ષણનું અવિભાજ્ય અંગ ગ્રંથાલયને પણ આ અસરોથી બાકાત રહ્યા નથી. ગ્રંથાલયોના વ્યવસ્થાપન, સંચાલન, માહિતી સ્ત્રોતો, માહિતી સેવાઓ, ઉપયોગકર્તાઓના અભિગમો એમ સર્વાંગીણ વ્યવસ્થાપન અને સંચાલનમાં આમૂલ પરિવર્તનો આવ્યા છે.*

## ૨. માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજી :- વ્યાખ્યા

*માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજીના મુખ્યત્વે ત્રણ બાબતોમાં સમન્વય દેખાય છે.*

૧) *માહિતી* ૨) *પ્રત્યાયન* ૩) *ટેકનોલોજી*

*માહિતી એટલે કોઈપણ આધારસામગ્રીને આધાર તૈયાર કરાયેલ વ્યવસ્થિત બાબતોને માહિતી કહેવાય.*

*પ્રત્યાયન એટલે કોઈ એક જગ્યા, અર્થાત્ વ્યક્તિની અન્ય જગ્યા અને વ્યક્તિ સુધી કોઈપણ બાબતનું પ્રસારણ.*

*ટેકનોલોજી એટલે અવનવી તકનીકો, પ્રયુક્તિઓ.*


ISSN 2349-5634 (Print ) ISSN 2455-0973 (online) Vol.3 Issue 1 January 2016
©Indian Association of Contemporary Research and Publication


*આમ, માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજી એટલે કોઈપણ પ્રકારની માહિતીનું વિવિધ નવીન ટેકનોલોજીના માધ્યમથી એક જગ્યાએ એક વ્યક્તિથી અન્ય જગ્યા કે વ્યક્તિ કે સમૂહો સુધી પ્રસારણ.*

***૩. ગ્રંથાલય:***

*ગ્રંથાલય એટલે મુદ્રિત અને અમુદ્રિત માહિતીસ્રોતના સંગ્રહ અને વિતરણ સાથે સંબંધ ધરાવતી સંસ્થા.*

*પ્રવર્તમાન માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજીના સમયમાં ગ્રંથાલયની વિભાવનામાં આમૂલ પરિવર્તન આવ્યું છે તેનું વ્યવસ્થાપન અને સંચાલન મુદ્રિત માહિતીસ્રોતોની અમુદ્રિત માહિતીસ્રોતો સુધી ઉપયોગકર્તાઓના બદલાયેલ અભિગમોને કેન્દ્રમાં રાખીને સ્થળાંતરિત થયું છે.*

***૪. ગ્રંથાલયના પ્રકારો:***





ISSN 2349-5634 (Print ) ISSN 2455-0973 (online) Vol.3 Issue 1 January 2016
©Indian Association of Contemporary Research and Publication

*પ્રસ્તુત લેખમાં શૈક્ષણિક ગ્રંથાલયો પૈકી યુનિવર્સિટી ગ્રંથાલયના સંદર્ભે સમાવેશ કરવામાં આવેલ છે.*

***શૈક્ષણિક ગ્રંથાલય :***

*શૈક્ષણિક સંસ્થા સાથે સંબંધિત અને શૈક્ષણિક સંસ્થાના ધ્યેયો અને કાર્યોને ધ્યાનમાં રાખીને કાર્યરત ગ્રંથાલયને શૈક્ષણિક ગ્રંથાલય કહેવાય છે.*

***યુનિવર્સિટી ગ્રંથાલય :***

*ઉચ્ચશિક્ષણના અંગભૂત ઘટક તરીકે યુનિવર્સિટી ગ્રંથાલયની ગણના કરવામાં આવે છે. યુનિવર્સિટીઓની સ્થાપના સાથે જ ઉચિત અને ઉત્તમ કક્ષાનું ગ્રંથાલય અનિવાર્ય હોવું જ જોઈએ એવું પૂર્વ રચાયેલા શિક્ષણ પંચોએ પોતાના અહેવાલમાં આ બાબતનો અનિવાર્ય પણે સ્વીકાર કરેલ છે.*

*ડૉ. કોઠારીના અધ્યક્ષપણે નિમાયેલ પંચ દ્વારા યુનિવર્સિટી ગ્રંથાલયની અગ્રીમતા સ્વીકારતા મત રજૂ કરેલ હતો કે, "યુનિવર્સિટી અને કૉલેજમાં અધ્યક્ષસ્થાને નવીન વિષય આરંભ કરવાની સ્વીકૃતિ ત્યાં સુધી પ્રદાન ન કરવી જોઈએ જ્યાં સુધી ગ્રંથાલયમાં પર્યાપ્ત કર્મચારી, ગ્રંથો, પત્ર-પત્રિકાઓની સંખ્યાના સંબંધમાં યુનિવર્સિટી સંતુષ્ટ ના હોય."*

***૫. સંશોધનના હેતુઓઃ***

- *યુનિવર્સિટી ગ્રંથાલયના ઉપયોગકર્તા* ICT *નો ઉપયોગ કરે છે કે નહીં તે જાણવું.*
- *યુનિવર્સિટી ગ્રંથાલયનો કયા સમયે ઉપયોગ કરે છે ?*
- *યુનિવર્સિટી ગ્રંથાલયની કઈ કઈ* ICT *આધારિત માહિતી સેવાઓનો ઉપયોગ કરે છે?*
- *યુનિવર્સિટી ગ્રંથાલયના કયા કયા* ICT *આધારિત માહિતીસ્ત્રોતોનો ઉપયોગ કરે છે?*
- ICT *આધારિત માહિતીસેવાઓ અને માહિતીસ્ત્રોતના ઉપયોગની તેઓના શૈક્ષણિક કારકિર્દીમાં વધારો થાય છે કે નહીં તે જાણવું.*
- ICT *આધારિત માહિતીસેવાઓ અને માહિતીસ્ત્રોતો એક્સેસમાં કયા અવરોધો આવે છે?*
- *યુનિવર્સિટી ગ્રંથાલય પાસે તેઓની* ICT *સંબંધિત અપેક્ષાઓ અને ભવિષ્યનું આયોજન જાણવું.*

***૬. સંશોધનની પદ્ધતિ અને તથ્યોનું એકત્રિકરણની પ્રયુક્તિ***

*પ્રસ્તુત સંશોધનમાં સર્વશ્રેષ્ઠ પદ્ધતિ અને તથ્યોના એકત્રીકરણ માટે પ્રશ્નાવલિ અને મુલાકાત પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવેલ છે.*

***૭. સંશોધનનું વ્યાપવિશ્વઃ***

*યુનિવર્સિટી ગ્રંથાલય વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન નોંધાયેલ ૨૦૦ ઉપયોગકર્તાઓનો સમાવેશ કરવામાં આવેલ છે આ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ છે. આ સિવાયના યુનિવર્સિટી ગ્રંથાલયના અન્ય ઉપયોગીસેવાઓનો સમાવેશ કરવામાં આવેલ નથી તેમજ અન્ય યુનિવર્સિટીઓમાં પણ ઉપયોગકર્તાઓનો સમાવેશ કરવામાં આવે નથી તે પ્રસ્તુત સંશોધનની મર્યાદા છે.*


©Indian Association of Contemporary Research and Publication

### ૮. સમષ્ટિ અને નિદર્શ:

પ્રસ્તુત સંશોધનમાં કુલ ૨૦૦ ઉપયોગકર્તાઓને પ્રશ્નાવલિ તથ્યોના એકત્રીકરણ માટે આપવામાં આવેલ હતી જે પ્રસ્તુત સંશોધનની સમષ્ટિ જ્યારે આપવામાં આવેલ પ્રશ્નાવલિ પૈકી ૧૫૦ પ્રશ્નાવલિ પરત આવેલ છે જે પ્રસ્તુત સંશોધનનું નિદર્શ છે.

### ૯. તથ્યોનું મૂલ્યાંકન અને આંકડાશાસ્ત્રીય પદ્ધતિ:

પ્રસ્તુત સંશોધનમાં પરત આવેલ ૧૫૦ ઉત્તરદાતાઓની સંખ્યાને આધારે ૧૦૦% એમ ગણતરી કરી આવૃત્તિવિતરણ ગ્રાફ, અહેવાલ આધારે તથ્યોનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવેલ છે.

### ૧૦. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન:

પ્રસ્તુત સંશોધનમાં પરત આવેલ ૧૫૦ પ્રશ્નાવલિને ૧૦૦% એમ ગણતરી કરી માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન આપવામાં આવેલ છે જેના આધારે તારણો તારવવામાં આવેલ છે અને જરૂર જણાય ત્યાં સૂચનો પણ આપવામાં આવેલ છે.

- ***યુનિવર્સિટી ગ્રંથાલયના ઉપયોગકર્તાઓ ICT નો ઉપયોગ કરે છે?***

| ક્રમ | વિગત | હા | ટકાવારી | ના | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | ICT નો ઉપયોગ કરે છે? | ૧૫૦ | ૧૦૦% | - | - |
| | કુલ | ૧૫૦ | ૧૦૦% | - | - |

૧૦૦% યુનિવર્સિટી ગ્રંથાલયના ઉપયોગકર્તા દ્વારાૌંઝ્ નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

- ***યુનિવર્લિટી ગ્રંથાલયનો કયા સમયે ઉપયોગ કરે છે ?***

| ક્રમ | ગ્રંથાલયનો સમય | હા | ટકાવારી | ના | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | અભ્યાસના વર્ગો બાદ | ૧૨૦ | ૮૦% | ૩૦ | ૨૦% |
| ૨ | રજાના દિવસોમાં | ૧૦૦ | ૬૬.૬૭% | ૫૦ | ૩૩.૩૩% |
| ૩ | અભ્યાસના વર્ગો પહેલા | ૧૪૦ | ૯૩.૩૩% | ૧૦ | ૬.૬૭% |

૯૩.૩૩% ઉત્તરદાતાઓ અભ્યાસના વર્ગો પહેલા ગ્રંથાલયનો ઉપયોગ કરે છે, ૮૦% ઉત્તરદાતાઓ અભ્યાસના વર્ગો બાદ પણ ગ્રંથાલયનો ઉપયોગ કરે છે જ્યારે ૬૬.૬૭% રજાના દિવસોમાં પણ ગ્રંથાલયનો ઉપયોગ કરે છે.

- ***યુનિવર્સિટી ગ્રંથાલયની કઈ કઈ ICT સેવાઓનો ઉપયોગ કરે છે ?***

| ક્રમ | માહિતીસેવાઓ | હા | ટકાવારી | ના | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રલેખન આપ-લે સેવા | ૧૫૦ | ૧૦૦% | - | - |
| ૨ | અધ્યયન અવબોધન સેવા | ૯૦ | ૬૦% | ૬૦ | ૪૦% |
| ૩ | પસંદગીયુક્ત માહિતીસેવા | ૮૦ | ૫૩.૩૩% | ૭૦ | ૪૬.૬૬% |
| ૪ | માહિતી નિર્દેશ સેવા | ૧૨૦ | ૮૦% | ૩૦ | ૨૦% |
| ૫ | ઓપેક અને વેબઓપેક | ૧૫૦ | ૧૦૦% | - | - |
| ૬ | ઓનલાઈન સેવા | ૧૨૦ | ૮૦% | ૩૦ | ૨૦% |


©Indian Association of Contemporary Research and Publication

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | ઝેરોક્ષ સેવા | ૯૦ | ૬૦% | ૬૦ | ૪૦% |
| ૮ | અન્ય | - | - | - | - |

૧૦૦% ઉપયોગકર્તાઓ પ્રલેખ આપે-લે અને ઓપેક અને વેબઓપેકની સેવાઓનો ઉપયોગ કરે છે, જ્યારે ૬૦% ઉપયોગકર્તાઓ અધ્યયન અવબોધન સેવા અને ઝેરોક્ષ સેવાઓનો ઉપયોગ કરે છે, ૫૩.૩૩% ઉપયોગકર્તાઓ પંસદગીઉક્ત માહિતીસેવાઓનો ઉપયોગ કરે છે, ૮૦% ઉપયોગકર્તાઓ માહિતી નિર્દેશ સેવા અને ઓનલાઈન સેવાનો ઉપયોગ કરે છે.

- ***યુનિવર્સિટી ગ્રંથલય કયા કયા ICT આધારિત માહિતીસ્ત્રોતોનો ઉપયોગ કરે છે?***

| ક્રમ | માહિતીસેવાઓ | હા | ટકાવારી | ના | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧ | E-Books | ૧૨૦ | ૮૦% | ૩૦ | ૨૦% |
| ૨ | E-Journals | ૧૨૦ | ૮૦% | ૩૦ | ૨૦% |
| ૩ | Database | ૮૦ | ૫૩.૩૩% | ૭૦ | ૪૬.૬૬% |
| ૪ | ETD | ૧૨૦ | ૮૦% | ૩૦ | ૨૦% |
| ૫ | IR Resource | ૮૦ | ૫૩.૩૩% | ૩૦ | ૪૬.૬૬% |

૮૦% ઉપયોગકર્તાઓ E-Books, E-Journals અને ETD નો ઉપયોગ કરતા જોવા મળે છે જ્યારે ૫૩.૩૩% ઉપયોગકર્તાઓ Database અને IR Resource નો ઉપયોગ કરતા જોવા મળે છે.

- ***ICT આધારિત માહિતીસેવાઓ અને માહિતીસ્ત્રોતના ઉપયોગથી તેઓના શૈક્ષણિક કારકિર્દીમાં વધારો થયો છે?***

૧૦૦% ઉપયોગકર્તાઓને મતે ICT આધારિત માહિતીસેવાઓ અને માહિતીસ્ત્રોતોના ઉપયોગથી તેઓના શૈક્ષણિક કારકિર્દીમાં વધારો થયો છે.

- ***ICT આધારિત માહિતીસેવાઓ અને માહિતીસ્ત્રોતો એક્સેસમાં કયા અવરોધો આવે છે?***

૧૦૦% આધારિત માહિતીસેવાઓ અને માહિતીસ્ત્રોતો એક્સેસમાં કયા અવરોધો આવ્યો નથી.

- ***યુનિવર્સિટી ગ્રંથાલય પાસે તેઓની ICT સંબંધિત અપેક્ષાઓ અને ભવિષ્યનું આયોજન જાણવું.***

આ સંદર્ભે એવા પ્રતિભાવ જાણવા મળે છે કે વધુને વધw ICT આધારિત માહિતીસેવાઓ અને માહિતીસ્ત્રોતોને 24 x 7 ઉપલબ્ધ સમયના પરિબળને અને પ્રવર્તમાન સમયને ધ્યાનમાં લઈ ઉપલબ્ધ કરવા જોઈએ. 24 x 7 સેવાઓ પૂરી પાડવી જોઈએ.

***૧૧. તારણોઃ***

- ૧૦૦% ઉપયોગકર્તાઓ દ્વારા ICT નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.
- વિવિધ સમયે ગ્રંથાલયનો ઉપયોગનું પ્રમાણ ઉપયોગકર્તાઓમાં જોવા મળે છે.


©Indian Association of Contemporary Research and Publication

- *પ્રલેખ આપ-લે અદ્યતન અવબોધન સેવા, વેબઓપેક, ઓપેક, ઓનલાઈન માહિતી નિર્દેશ સેવાઓનું પ્રમાણ વધારે જ્યારે પસંદગીયુક્ત માહિતી પ્રસારણ જ્યારે માહિતીસેવાઓનું પ્રમાણ ઓછું જોવા મળેલ છે.*
- *૮૦% ઉપયોગકર્તાઓ* E-Books, E-Journals *અને* ETD *નો ઉપયોગ કરતા જોવા મળે છે જ્યારે ૫૩.૩૩% ઉપયોગકર્તાઓ* Database *અને* IR Resource *નો ઉપયોગ કરતા જોવા મળે છે.*
- *૧૦૦% ઉપયોગકર્તાઓને મતે* ICT *આધારિત માહિતીસેવાઓ અને માહિતીસ્ત્રોતોના ઉપયોગથી તેઓના શૈક્ષણિક કારકિર્દીમાં વધારો થયો છે.*
- *૧૦૦% આધારિત માહિતીસેવાઓ અને માહિતીસ્ત્રોતો એક્સેસમાં કયા અવરોધો આવ્યો નથી.*
- *વધુને વધુંઞ્ આધારિત માહિતીસેવાઓ અને માહિતીસ્ત્રોતોને ૨૪ ૮ ૭ ઉપલબ્ધ સમયના પરિબળને અને પ્રવર્તમાન સમયને ધ્યાનમાં લઈ ઉપલબ્ધ કરવા જોઈએ.* 24 x 7 *સેવાઓ પૂરી પાડવી જોઈએ.*

### ૧૨. સૂચનોઃ

- *પ્રાપ્ત તારણોને આધારે ગ્રંથાલયના ઉપયોગને વધુને વધુ* ICT *આધારિત માહિતીસેવાઓ અને માહિતીસ્ત્રોતોના ઉપયોગ જેવા પ્રશ્નોનો અભ્યાસ સંદર્ભે કરવો જોઈએ.*
- *ગ્રંથાલયને વધુને વધુ અભિમુખતા કાર્યક્મો દ્વારા માર્કેટીંગ કે પ્રશિક્ષણ આપી ગ્રંથાલયની* ICT *આધારિત માહિતીસેવાઓ અને માહિતીસ્ત્રોતોના ઉપયોગથી વધે તેવા પ્રયાસો અને વધુને વધુ સારી સેવાઓ અને સ્ત્રોતો ૨૪ ૮ ૭ ઉપલબ્ધ બને તેવા પ્રયાસો કરવા જોઈએ.*

### *૧૩. ઉપસંહારઃ*

*આમ પ્રસ્તુત સંશોધનલેખમાં ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના વ્યાપવિશ્વમાં જણાવ્યા મુજબ* ICT *આધારિત માહિતીસેવાઓ અને માહિતીસ્ત્રોતોના ઉપયોગ સંદર્ભે અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે.*


©Indian Association of Contemporary Research and Publication

## ૧૪. સંદર્ભસૂચિ


- *ગુજરાતી વિશ્વકોશ. ૧૯૯૪. ખંડ-૬, ગ-ધો. અમદાવાદઃ ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ.*
- *પંડ્યા, લતા. ૧૯૯૯. ગ્રંથાલયના વિવિધ સ્વરૂપો. અમદાવાદઃ મીના પબ્લીકેશન, ,*
- *બ્રહ્મભટ્ટ, પ્રસાદ. ૨૦૧૦. "ગુજરાતમાં ઉચ્ચશિક્ષણ : દશા અને દિશા.": સંદેશ સમાચાર.*
- *મહેતા, પ્રતાપરાય દીપક. ૨૦૦૨. શિક્ષણ : ભીતરનો ખજાનો (એકવીસમી સદી માટેનો આંતરરાષ્ટ્રીય કમિશન અંગેનો યુનેસ્કોનો અહેવાલ). અમદાવાદઃયુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.*
- Harrod, Leonard Montague. 1984. Harrod's Librarian's Glossary of Terms used in Librarianship, Documentation and the book crafts and Reference Books. Gower: A Crafton Book.
- Hingwe, K.S. 1988. Management of University Libraries in India: Principal and Practice Calcutta: The World press.
- Khanna J. K. 2008. Managing University and college Library: Academic function and Administrative organization. New Delhi: Sanjay Publication,
- Kothari, D.S., (commission). 1964-66. Report Of India, Education. New Delhi: Ministry of Education.
- Kumar, Krishan. 1993. Library Organization. Delhi: Vikas Publication,
- Radhakishan,S., (commission). 1948-49 . Report of India, University Education: V.I .New Delhi: Manager of Publication.
- Thompson, James., and Carr, Reg. 1987. An Introduction to University Library Administration. London: Clive Bingley.
- Venkataraman. V. 1995. Pattern and development of University Library. New Delhi: Ess Ess Publication.
- Wilson, L.R., and Tauber, M.F. 1956. University Libraries: The organization, Administration and function of University Libraries. New York: Colombo University Press.
- www.knowledgecommision.government.in



©Indian Association of Contemporary Research and Publication